પ્રેસ પ્રકાશન
ભારતીય રિઝર્વ બેંક
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

30 જૂન 2016

## વર્ષ 2005 પૂર્વેની બેંકનોટોનો 1 જુલાઈ 2016થી રિઝર્વ બેંકના પસંદ કરેલા કાર્યાલયોમાં વિનિમય

ભારતીય રિઝર્વ બેંકેનું અવલોકન છે કે વર્ષ 2005 પહેલાની બેંકનોટોનો એક મોટો ભાગ પ્રસરણમાંથી પાછો ખેંચાઈ ગયો છે અને જૂજ પ્રતિશત નોટો હજી પણ પ્રસરણમાં રહેલી છે. આથી સમીક્ષા કરવા પર રિઝર્વ બેંકે એ નિર્ણય લીધો છે કે 1 જુલાઈ 2016થી વર્ષ 2005 પૂર્વેની બેંકનોટો ને બદલવાની સુવિધા કેવળ નીચે જણાવેલા રિઝર્વ બેંકના કાર્યાલયોમાં જ ઉપલબ્ધ થશે:

અમદાવાદ, બેંગલુરૂ, બેલાપુર, ભોપાલ, ભુવનેશ્વર, ચંદીગઢ, ચેન્નાઈ, ગુવાહાટી, હૈદરાબાદ, જયપુર, જમ્મૂ, કાનપુર, કોલકાતા, લખનઉ, મુંબઈ, નાગપુર, નવી દિલ્હી, પટણા, તિરુવનંતપુરમ તથા કોચ્ચી.

ડિસેમ્બર, 2015 માં ભારતીય રિઝર્વ બેંકે નિર્ધારિત કરેલી બેંક શાખાઓ તથા ભારતીય રિઝર્વ બેંકના નિર્ગમ કાર્યાલયોમાં વર્ષ 2005 પૂર્વે જારી કરેવામાં આવેલી બેંકનોટો બદલાવવા માટે જનતાને માટે અંતિમ તારીખ 30 જૂન 2016 જાહેર કરી હતી.

**ભારતીય રિઝર્વ બેંકે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે વર્ષ 2005 પહેલાની બેંકનોટ વૈધ મુદ્રા બની રહેશે.**

ભારતીય રિઝર્વ બેંકે એમ જણાવ્યુ  છે કે વિવિધ શૃંખલાઓની બેંકનોટોને એક સાથે પ્રસરણમાં રાખવામાં ન આવે, આ એક માન્યતા-પ્રાપ્ત આંતરરાષ્ટ્રીય પ્રથા છે.

ભારતીય રિઝર્વ બેંકે આ બેંકનોટોને પ્રસરણમાંથી પાછી ખેંચવા માટે જનસાધારણને સહયોગ પ્રદાન કરવા માટે આગ્રહ કર્યો છે કે તેઓ વર્ષ 2005 પૂર્વેની બેંકનોટોને તેમની સુવિધા અનુસાર રિઝર્વ બેંકના ઉપરોક્ત કાર્યાલયોમાં બદલાવી શકે છે. રિઝર્વ બેંક આ પ્રક્રિયાની દેખરેખ તેમજ સમીક્ષા કરવાની ચાલુ રાખશે જેથી જનસાધારણને કોઈ અસુવિધા ન થાય.

**અલ્પના કિલ્લાવાલા**

**પ્રેસ પ્રકાશન : 2015-2016/3051**

પ્રધાન પરામર્શદાતા

| સંબંધિત પ્રેસ પ્રકાશન / અધિસૂચના | |
|---|---|
| **11 ફેબ્રુઆરી 2016** | વર્ષ 2005 પૂર્વે જારી કરવામાં આવેલી જૂની શૃંખલાની બેંકનોટ પાછી ખેંચવી |
| **23 ડિસેમ્બર 2015** | વર્ષ 2005 પૂર્વેની બેંકનોટ 30 જૂન 2016 સુધી નિર્ધારિત બેંક શાખાઓ અને ભારતીય રિઝર્વ બેંકના નિર્ગમ કાર્યાલયોમાં બદલાવી શકાય છે. |
| **25 જૂન 2015** | ભારતીય રિઝર્વ બેંકે વર્ષ 2005 પૂર્વેની શૃંખલાવાળી બેંકનોટ પાછી ખેંચવા માટેની તારીખ લંબાવી |
| **23 ડિસેમ્બર 2014** | વર્ષ 2005 પૂર્વની ચલણી નોટોને 30 જૂન 2015 પહેલા આપના બેંક ખાતામાં જમા કરાવો: ભારતીય રિઝર્વ બેંકે જનતાને આગ્રહ કર્યો |
| **3 માર્ચ 2014** | ભારતીય રિઝર્વ બેંકે વર્ષ 2005 પૂર્વેની બેંકનોટ બદલાવા માટેની તારીખ 1 જાન્યુઆરી 2015 સુધી લંબાવી |
| **24 જાન્યુઆરી 2014** | વર્ષ 2005 પૂર્વે જારી કરવામાં આવેલી બેંકનોટ પાછી લેવી: ભારતીય રિઝર્વ બેંકનું સ્પષ્ટીકરણ |
| **22 જાન્યુઆરી 2014** | વર્ષ 2005 પહેલા જારી કરવામાં આવેલી બેંક નોટ પાછી લેવી: ભારતીય રિઝર્વ બેંકની એડવાઈઝરી |